# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૭/૦૪/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૫૨/૨૦૨૫**

**કાલુપુરઃ** મોહસીનહુસેન ગુલામહુસેન મન્સુરી (ઉ.વ.૬૩)(રહે,છોવાડાની પોળ ફતેહ મસ્જીદની બાજુમાં ચંપલબજાર કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૫ સવારનાં ૭/૦૦ થી તા.૧૮/૦૪/૨૦૨૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા આશરે ૧૨,૦૦,૦૦૦/- તથા સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૩/૨૦૨૫**

**માધવપુરાઃ** કંચનબેન વા/ઓ રમેશભાઇ બોડાણા (ઉ.વ.૬૫)(રહે.વિશ્વકર્મા સોસાયટી ધોબીઘાટ ચાર રસ્તા પાસે દુધેશ્વર રોડ માધવપુરા) એ તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે દુધેશ્વર બી.આર.ટી.એસ રોડ પાસે આવેલ વાટીકા રેસીડેન્સી આગળ રોડ ઉપર કંચનબેન ચાંદલોડીયા જવા સારૂ શટલ રીક્ષામા બેઠા હતા જે રીક્ષામાં અગાઉથી બે અજાણી સ્ત્રીઓ અને એક બાળક બેસેલા હતા. જે રીક્ષા દુધેશ્વર ચાર રસ્તા સામે આવેલ ગનીની ચાની કિટલી પાસે શેરડીનો રસ પીવા સારૂ ઉભી રાખી, કંચનબેનને શેરડીના રસમાં કોઇ કેફી પીણુ ભેળવી દઇ, રીક્ષા ચાંદલોડીયા તરફ લઈ જતા કંચનબેન બેભાન થઇ જતા તેમના ગળામાંથી સોનાનુ પેન્ડલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, નાકની ચુની કિંમત રૂપિયા ૩૦૦૦/- અને રોકડા રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ કંચનબેનને અડાલજ આગળ એક અવાવરુ ખેતરમા ઉતારી દઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.ગોહિલ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** બાબુભાઇ રણછોડભાઇ ભાલાળા(પટેલ) (ઉ.વ.૭૦)(રહે,ઉમા ખોડલ ગુરુદેવ પાર્ક મેઇન રોડ આદર્શ સીટી પાસે ઉદ્ગમ વિદ્યાલય સામે મવડી રાજકોટ શહેર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન ગીતા મંદીર બસ સ્ટેન્ડ થી લાલ દરવાજા જવા સારૂ એક ઓટોરીક્ષામાં બેઠા હતા. જે રીક્ષામાં અગાઉથી બેસેલા ત્રણ અજાણ્યા પુરુષ તથા રીક્ષા ચાલકે ભેગામળી મુસાફરી દરમ્યાન ‘થેલો નીચે મારા પગમા મુકી દો જેથી ભીડના પડે’ તેમ જણાવી બાબુભાઇની પત્નિની નજર ચુકવી રીક્ષામાં ભીડનો લાભ લઇ બાબુભાઇની પત્નિના થેલાની ચેઇન ખોલી થેલામાં મુકેલ (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- (૨) સોનાની વીંટી નંગ-૪ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- (૩) ચાંદીની પાયલ કિંમત રૂપિયા ૯૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૦૦૦/- મતાના દાગીના ચોરી કરી, ખમાસા ચાર રસ્તા પહેલા પેટ્રોલ પંપ આગળ રિક્ષા ઉભી રાખી, બાબુભાઇ તથા તેમના પત્નિને રીક્ષામાંથી નીચે ઉતારી દઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.શાહ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** નિરંજનભાઇ મહેશભાઇ શર્મા (ઉ.વ.૨૮)(રહે,તેજન્દ્રનગર સોસાયટી વિભાગ-૦૨ આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૫ સાંજના ૬/૧૫ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન નાયરા પેટ્રોલ પંપની બાજુમા આવેલ ગલીમા બાપા સીતારામ કીટલી ત્રણ રસ્તા “એમ” પાન પાર્લર ખાતે પાર્ક કરેલ પોતાની એકટીવાની ડેકીમાંથી અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૨,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૨૦૨૫**

**ચાંદખેડાઃ** ઈશ્વરલાલ લક્ષ્મણલાલ પંચાલ (ઉ.વ.૨૦)(રહે.રામાપીર મંદીરની બાજુમાં છાપરામાં ઉમાભવાની ફાટક પાસે, ચાંદખેડા મુળ રહે, ગામ-થાના તા.કરેડા જી-ભીલવાડા રાજસ્થાન) તા.૨૫/૦૪/૨૦૨૫ રાતના ૧૦/૫૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ઉમાભવાની ફાટકની બાજુમાં અપલાઈન રેલ્વે પીલર નં.૭૭૪/૧૩ ખાતે ટ્રેઇન સાથે અથડાતા શરીરે ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી પાર્થભાઈ પ્રતાપભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૫૫/૨૦૨૫**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૧)** અનિલભાઈ ભીખાભાઈ પંચાલ (ઉ.વ.૫૬)(રહે.દુધવાળાની પોળ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૫ ના કલાક ૯/૧૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે રિવરફ્રન્ટ પુર્વ તરફના ભાગે એલીસબ્રીજ અને નેહરુબ્રીજ વચ્ચે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રિંકલબેન મોહનભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૨)** મુકેશ રાણાભાઈ વાળા (ઉ.વ.૫૫)(રહે.દેવાસ ફ્લેટ રત્નમ ફ્લેટની બાજુમાં જીવરાજ પાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૫ બપોરના ૨/૩૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે સરદાર બ્રીજ પાસે ઘાટ નંબર-૧૧ વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

**વાડજઃ** મનોજકુમાર પ્રવિણભાઈ પરમાર (ઉ.વ.૩૧)(રહે.વાસુકીનગર વિભાગ–૨, વિજયનગર રેલવ ફાટક પાસે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિહ ખુમાનસિહ ચલાવે છે.

**નારોલઃ** અર્જુનર્સિંગ જયરામસિંગ ગોરખા (ઉ.વ.૩૮)(રહે,વ્રજભુમી સોસાયટી, શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શાર્દુલભાઈ ગણપતભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી